**બાનાખત કરાર**

**"SPARSH VILLA"**

આજરોજ **તારીખ : ....../....../૨૦૨૩** ના રોજ **"SPARSH VILLA"** નામની યોજના પૈકી **વિલા નંબર :** ......... નો **કબજા વગરનો બાનાખત કરાર** ...

**લખી આપનાર / જમીન માલિક / પ્રમોટર / પહેલા પક્ષવાળા :**

**SHREE GANESH INFRA,** [PAN : AEEFS 7716 M] નામની ભાગીદારી પેઢીના વતી વહીવટકર્તા ભાગીદાર - **દેવેન્દ્રકુમાર રામદયાલ ગુપ્તા,** ઉ.વ.આ.પુખ્ત, ધંધો : વ્યાપાર,
[Aadhaar No. 3732-6409-0412]
પેઢીનું સરનામું : ૧૫/એ, સહજાનંદ કુટીર, અક્ષર ચોક પાસે, અટલાદરા રોડ, વડોદરા.
(જેમને હવે પછી સદર બાનાખત કરારમાં "પહેલા પક્ષવાળા" અથવા "વેચાણ આપનાર" અથવા "અમો" તે રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં પહેલા પક્ષવાળી પેઢી ના હાલના તથા વખતો વખતના હયાત ભાગીદારોનો પોતેજાતે તથા તેઓના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

**લખી લેનાર / વેચાણ રાખનાર / બીજા પક્ષવાળા :**

**(1) ..............................................,** Aged ......... years, Occupation ..............,
[PAN : ..........................] – [Aadhaar No.................................]
**(2) ..............................................,** Aged ......... years, Occupation ..............,
[PAN : ..........................] – [Aadhaar No.................................]
Residing at ..........................................................................................................
(જેમને હવે પછી સદર બાનાખત કરાર માં "બીજા પક્ષવાળા" અથવા "વેચાણ રાખનાર / લખી લેનાર" અથવા "તમો" તે રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં બીજા પક્ષવાળા અને / તથા તેઓના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રીટરો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

સદર બાનાખત કરાર / વેચાણ કરાર અમો / પહેલા પક્ષવાળા તે અમારી સ્વેચ્છાએ તે, તમો / બીજા પક્ષવાળા ને અમોની રાજીખુશીથી લખી આપીએ છીએ કે ... ...

(એ) જત, સદરહું **ગુજરાત રાજ્ય** ના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ **વડોદરા,** સબ-ડીસ્ટ્રીકટ **પાદરા** ના મોજે **સાંગમા** ની સીમમાં **સર્વે / બ્લોક નંબર : ૧૧૨ (જુનો સર્વે નંબર : ૯૬) વાળી ૦-૨૪-૭૩ હે.આરે. (૨૪૭૩-૦૦ ચો. મીટર)** વાળી **બિન ખેતી હેતુ વિષયક (બહુહેતુક ઉપયોગ)** વાળી જમીન **અમો / લખી આપનાર / જમીન માલિક / પ્રમોટર / પહેલા પક્ષવાળા - SHREE GANESH INFRA,** નામની ભાગીદારી પેઢી ના નામે સદરહું જમીન અગાઉના જમીન માલિકો - **(૧) ચૌહાણ બાલુબેન ભાઈલાલભાઈ, (૨) ચૌહાણ જશભાઈ**

Sparsh Villa

**ભાઈલાલભાઈ, (૩) ચૌહાણ સવિતાબેન ભાઈલાલભાઈ તે છીતુભાઈ પરમારની પત્નિ,** અને **(૪) ચૌહાણ ઈન્દ્રવદન ભાઈલાલભાઈનાઓ** પાસેથી વેચાણ રાખી **તારીખ : તારીખ : ૩૧/૦૫/૨૦૨૨** ના રોજ વેચાણ દસ્તાવેજ **અનુક્રમ નંબર : ૧૮૬૦** થી વેચાણ દસ્તાવેજ સબ-રજીસ્ટ્રાર કચેરી, વડોદરા વિભાગ-૩ માં નોંધાવી માલીક બનેલ છે,જે વેચાણ દસ્તાવેજ ના અમો / લખી આપનારાઓના નામની નોંધ ગામના રેવન્યુ રેકર્ડ (૬, ૭/૧૨) માં **ફેરફાર નોંધ નંબર : ૩૦૫૫, તારીખ : ૨૧/૦૬/૨૦૨૨ (પ્રમાણિત તારીખ : ૨૬/૦૭/૨૦૨૨)** થી થયેલ છે.

જત, સદરહું **ગુજરાત રાજ્ય** ના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ **વડોદરા,** સબ-ડીસ્ટ્રીકટ **પાદરા** ના મોજે **સાંગમા** ની સીમમાં **સર્વે / બ્લોક નંબર : ૧૧૩ (જુનો સર્વે નંબર : ૯૭) વાળી ૧-૩૪-૬૮ હે.આરે. (૧૩૪૬૮ ચો. મીટર)** વાળી **બિન ખેતી હેતુ વિષયક (બહુહેતુક ઉપયોગ)** વાળી જમીન **અમો / લખી આપનાર / જમીન માલિક / પ્રમોટર / પહેલા પક્ષવાળા - SHREE GANESH INFRA,** નામની ભાગીદારી પેઢી ના નામે સદરહું જમીન અગાઉના જમીન માલિકો - **(૧) માળી ગણપતભાઈ મણીલાલ, (૨) માળી રમેશભાઈ મણીલાલ, (૩) માળી અંબાલાલ મણીલાલ, (૪) માળી કોકીલાબેન સુરેશભાઈ, (૫) માળી રવિકુમાર સુરેશભાઈ,** અને **(૬) માળી જયેશભાઈ સુરેશભાઈ** નાઓ પાસેથી વેચાણ રાખી **તારીખ : ૨૧/૧૦/૨૦૨૧** ના રોજ વેચાણ દસ્તાવેજ **અનુક્રમ નંબર : ૨૯૬૩** થી વેચાણ દસ્તાવેજ સબ-રજીસ્ટ્રાર કચેરી, વડોદરા વિભાગ-૩ માં નોંધાવી માલીક બનેલ છે,જે વેચાણ દસ્તાવેજ ના અમો / લખી આપનારાઓના નામની નોંધ ગામના રેવન્યુ રેકર્ડ (૬, ૭/૧૨) માં **ફેરફાર નોંધ નંબર : ૩૦૦૨, તારીખ : ૧૦/૧૧/૨૦૨૧ (પ્રમાણિત તારીખ : ૧૧/૦૧/૨૦૨૨)** થી થયેલ છે.

(બી) જત, **વડોદરા** ના તા. **પાદરા** ના મોજે ગામ **સાંગમા** ની સીમમાં આવેલ **સર્વે / બ્લોક નંબર : ૧૧૨ (જુનો સર્વે નંબર : ૯૬) વાળી ૦-૨૪-૭૩ હે.આરે. (૨૪૭૩-૦૦ ચો. મીટર)** જમીન અંગે શરતોને આધિન ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ – ૧૮૭૯ ની કલમ – ૬૫ હેઠળ બિનખેતી હેતુ (બહુ હેતુક ઉપયોગ) માટેની પરવાનગી આપવાનો હુકમ વડોદરા કલેકટરશ્રી તરફથી **તારીખ : ૨૧/૦૫/૨૦૨૨** ના રોજ **હુકમ નંબર : ૭૨૨ / ૧૯ / ૧૦ /૦૨૫ / ૨૦૨૨** થી આપવામાં આવેલ છે. . અને જે અંગેની નોંધ ગામના રેવન્યુ રેકર્ડ (૬, ૭/૧૨) માં ફેરફાર નોંધ નંબર : ૩૦૪૪, તારીખ : ૨૧/૦૫/૨૦૨૨ ના રોજ થયેલ છે.

જત, જત, **વડોદરા** ના તા. **પાદરા** ના મોજે ગામ **સાંગમા** ની સીમમાં આવેલ **સર્વે / બ્લોક નંબર : ૧૧૩ (જુનો બ્લોક / સર્વે નંબર : ૯૭)** વાળી **ક્ષેત્રફળ : ૧૩૪૬૮ ચો. મીટર** જમીન શરતોને આધિન ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ – ૧૮૭૯ ની કલમ – ૬૫ હેઠળ બિનખેતી હેતુ (બહુ હેતુક ઉપયોગ) માટેની પરવાનગી આપવાનો હુકમ વડોદરા કલેકટરશ્રી તરફથી **તારીખ : ૦૯/૦૯/૨૦૨૧** ના રોજ **હુકમ નંબર : ૯૮૪ / ૧૯ / ૧૦/૦૨૫ / ૨૦૨૧** થી આપવામાં આવેલ છે.

Sparsh Villa

(સી) જત, **વડોદરા** ના તા. **પાદરા** ના મોજે ગામ **સાંગમા** ની સીમના **બ્લોક નંબર : ૯૬, ૯૭, રેવન્યુ સર્વે નંબર : ૧૧૨, ૧૧૩ વાળી કુલ ક્ષેત્રફળ : ૧૫૯૪૧-૦૦ ચો. મીટર પૈકી પ્લોટવેલીંટિશન મુજબે ફાળવેલ ક્ષેત્રફળ : ૯૫૬૪-૬૦ ચો. મીટર પૈકી મંજુર થયેલ નકશા મુજબનું ક્ષેત્રફળ : ૭૬૧૮-૬૦ ચો. મીટર** વાળી જમીનમાં બાંધકામ કરવાની પરવાનગી **વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની રજાચીઠ્ઠી નંબર : 1117LD23240064, ODPS Application No. ODPS / 2023 / 091522**, તારીખ : **૦૩/૦૯/૨૦૩૨** થી મેળવ્યા મુજબ અને મંજુર થયેલ નકશા મુજબ **"SPARSH VILLA"** નામની યોજનાનું આયોજન કરવામાં આવેલ છે.

જોગ ડેવલોપર / પ્રમોટર ને પ્રોજેકટ લેન્ડ પર માલિકી હકકે બાંધકામ કરવાને હકકદાર થયેલ છે.

જોગ વેન્ડર / પ્રમોટર પ્રોજેકટ લેન્ડનો કબજો ધરાવે છે.

જોગ પ્રમોટર પ્રોજેકટ લેન્ડ પર **વડોદરા** ના તા. **પાદરા** ના મોજે ગામ **સાંગમા** ની સીમના **બ્લોક નંબર : ૯૬, ૯૭, રેવન્યુ સર્વે નંબર : ૧૧૨, ૧૧૩ વાળી કુલ ક્ષેત્રફળ : ૧૫૯૪૧-૦૦ ચો. મીટર પૈકી પ્લોટવેલીંટિશન મુજબે ફાળવેલ ક્ષેત્રફળ : ૯૫૬૪-૬૦ ચો. મીટર પૈકી મંજુર થયેલ નકશા મુજબનું ક્ષેત્રફળ : ૭૬૧૮-૬૦ ચો. મીટર** વાળી જમીન વાળી જમીનમાં બાંધકામ કરવાની દરખાસ્ત કરેલ છે જેમાં **"૫૪ – વિલા"** નું આયોજન કરવાની પરવાનગી મેળવી **"SPARSH VILLA"** નામની યોજનાનું આયોજન કરેલ છે.

અને જયા, ફાળવણી મેળવનાર / લખી લેનાર / બીજા પક્ષવાળા / અલોટીને પ્રમોટર / આયોજક દ્વારા સદર પ્રોજેકટના **"SPARSH VILLA"** નામની યોજનામાં આવેલ **વિલા નંબર :** ......... વાળી મિલકત ફાળવવામાં આવેલ છે.

જોગ પ્રમોટર / આયોજકે સદર પ્રોજેકટ કાયદેસર રીતે રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીની જોગવાઈઓને આધીન **RERA Certificate No. ............................, Date : .................** થી નોંધણી કરાવેલ છે. જેની પ્રમાણીત નકલ આ સાથેના પરિશિષ્ટ-બ માં સામેલ છે.

સદર ડેવલપમેન્ટ એગ્રીમેન્ટની રૂએ પ્રમોટરને તેના દ્વારા પ્રોજેકટ લેન્ડ પર બાંધવામાં આવેલ બિલ્ડીગમાં સ્થિત **વિલા** ના વેચાણ તેમજ આવા વેચાણની સામે એલોટી પાસેથી અવેજ મેળવવાનો સંપૂર્ણ અને વિશિષ્ટ અધિકાર ધરાવે છે.

જત એલોટી દ્વારા માંગ થયેથી પ્રમોટરે સદર પ્રોજેકટ લેન્ડ તથા પ્લાનના ટાઈટલ સંબંધિત તમામ દસ્તાવેજ, ડિઝાઈન અને સ્પશીફિકેશન, જે તેમના **ARCHITECTS : Space Plus (Kiran Patel) and Structure : Nitin Sidhpura..........................** દ્વારા તૈયાર કરવામાં આવેલ છે, તે એલોટીને ચકાસણી હેતુ બતાવેલ છે તેમજ રીઅલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ (સદર કરારમાં "સંબંધિત એકટ") માં દર્શાવવામાં આવેલ હોય તથા તેના નિયમો અને શરતો ધરાવતા હોય તેવા અન્ય દસ્તાવેજો જોવા માટે આપેલ છે અને એલોટીએ તે ચકાસી સંતોષ વ્યકત કરેલ છે.

Sparsh Villa

જત, સદરહું યોજનાની જમીનના કાયદેસરના ન્યાયવાદી / કાયદેસરના એટર્ની અથવા પ્રમોટર / આયોજકના વકીલશ્રી દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલ ટાઈટલની પ્રમાણીત નકલ, પ્રોપર્ટી કાર્ડ અથવા ગામના ફોર્મ ૬ અને ૭ અને ૧૨ / પ્રોપર્ટી કાર્ડ અથવા પ્રોજેકટ લેન્ડ, જેના પર **વિલા** બાંધવામાં આવેલ છે અથવા બાંધવામાં આવનાર છે, તેને દર્શાવતી રેવન્યુ રેકર્ડસ માહિતી એલોટી / લખી લેનાર દ્વારા ચકાસવામાં આવેલ છે અને સંતુષ્ટ થયેલ છે અને તે જોઈ, ખાત્રી કરી લખી લેનાર / એલોટી / લખી લેનારએ સંતોષ વ્યકત કરી યોજનામાં આવેલ યુનીટ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

અમો પ્રમોટર / આયોજક / આયોજન દ્વારા સદર પ્રોજેકટ / યોજનાની જમીન પર બાંધકામ અર્થે લે – આઉટ પ્લાનની પ્રમાણિત નકલ તથા જે રીતે બાંધકામની દરખાસ્ત થઈ છે. તથા યોજનાની ખુલ્લી જમીન (જો યોજનાના નકશા મુજબ હોય તોજ) રાખવામાં આવી છે તે સ્થાનીક સત્તા મંડળ / સ્થાનીક સેવા સદન દ્વારા મંજુર થયેલ લે – આઉટ પ્લાન / બાંધકામ પ્લાનની પ્રમાણિત નકલ પણ લખી લેનારા / એલોટી / લખી લેનાર દ્વારા ચકાસવામાં આવેલ છે. અને જયાં ફાળવણીમાં મેળવનાર સદર પ્રોજેકટ / યોજનાની જમીન પર બાંધકામ અર્થે લે – આઉટ પ્લાનની પ્રમાણિત નકલ મુજબના નકશા અને માપની અધિકૃત નકલ મુજબનું યુનીટ ખરીદવા સંમત થયા છે.

અમો / પ્રમોટર / આયોજક / આયોજનાએ સંબંધિત બાંધકામની પરવાનગીઓ આપતી સત્તા મંડળ / સ્થાનીક મહાનગર સેવા સદન પાસેથી પ્લાન, સ્પેશીફીકેશન, એલીવેશન, વિગેરેની લગત કેટલીક મંજુરીઓ મેળવી લીધેલ છે. જયારે બાકી પડતી મંજુરીઓ સમય – સમય પર મેળવી લેવામાં આવશે, અને સદર યોજના / પ્રોજેકટ અંગે કંમ્પ્લીશન / ઓકયુપન્સી સર્ટીફીકેટ મેળવવામાં આવશે.

સદરહું યોજના / પ્રોજેકટ અંગે પ્લાન મંજુર કરતી વખતે બાંધકામની પરવાનગીઓ આપતાં સત્તા મંડળ અને સરકારશ્રી દ્વારા નકકી કરાયેલ શરતો, નિયમો અન્વયે નિયંત્રણો અને અંકુશ લાદવામાં આવેલ છે (જો લાગુ પડતુ હોય તોજ). જેનું પાલન પ્રમોટર / આયોજક / આયોજક દ્વારા પ્રોજેકટ લેન્ડ ઉપર બાંધકામ કરતી વખતે કરવાનું હોઈ, જેનાથી યોજનાનું બાંધકામ પરીપુર્ણ થયેથી બાંધકામની પરવાનગીઓ આપતાં સત્તા મંડળ / મહાનગર સેવા સદન તરફથી કંમ્પ્લીશન / ઓકયુપન્સી સર્ટીફિકેટ આપી શકાય. અને આયોજકનાએ સુચિત પ્લાન મુજબ બાંધકામ કરવાનું શરૂ કરેલ છે.

જત પ્રમોટર / આયોજકે સૂચિત પ્લાન અનુસાર સદર **"SPARSH VILLA"** નામની યોજના નું બાંધકામ શરૂ કરેલ છે.

જત એલોટી / લખી લેનારએ સદર પ્રોજકટમાં બાંધકામ આવનાર **"શ્ફ્ઞૅરૂશ્ઙ્ઢ ફ્ીંળ્ઞૅ"** નામની યોજનામાં આવેલ **વિલા નંબર : .........** માટે અરજી કરેલ છે.

Sparsh Villa

જત સદરહું **વિલા નંબર :** ......... નો **પ્લોટનું ક્ષેત્રફળ :** .................. **ચો. મીટર** તથા **કારપેટનું ક્ષેત્રફળ : ............ ચો. મીટર** છે. (કારપેટ એરીયાના અર્થમાં **વિલા** નો ઉપયોગમાં લેવાનાર પૂર્ણ એરિયા જેમાંથી બહારની દિવાલો દ્વારા આવરી લેવામાં આવેલ વિસ્તાર, સર્વિસ શાફ્ટ હેઠળના વિસ્તારો, એકસ્કલુઝીવ બાલ્કની અથવા વરંડાનો વિસ્તાર અને એકસ્લુઝીવ ઓપન ટેરેસનો વિસ્તાર બાદ કરી **વિલા** ની માત્ર આંતરિક પાર્ટીશન દિવાલો દ્વારા આવરી લેવાયેલ વિસ્તાર ગણવાનો રહેશે.)

જત સદર કરારમાં બન્ને પક્ષો તરફે સમાવિષ્ટ પુરાવાઓ, રજૂઆતો અને ખાત્રીઓ પર વિશ્વાસ રાખી અને સદર કરારમાં દર્શાવવામાં આવેલ તથા કાયદેસરની લાગુ પડતી શરતો, નિયમો અને અંકુશોનું વફાદારપણે પાલન કરવાની ખાત્રી સાથે બંને પક્ષો નીચેની શરતો અને નિયમોને આધિન આ કરાર કરવા માટે સહમત થયેલ છે.

જત સદર કરારના અમલ પહેલા પ્રમોટર / આયોજક દ્વારા એલોટી / લખી લેનારને ફાળવવામાં આવનાર **વિલા** ના વેચાણ સામે અવેજની આંશિક / બાના પેટે ચુકવણી તરીકે / એડવાન્સ પેમેન્ટ તરીકે અથવા એપ્લીકેશન ફી તરીકે એલોટી / લખી લેનારએ ડેવલોપર / પ્રમોટર / આયોજકને **રૂા.................../- અંકે રૂપિયા ........................... પુરા બાનાપેટે** ચુકવેલ છે (જે ચુકવ્યાની અને પ્રમોટર / આયોજકે તે સ્વકાર્યની બંન્ને પક્ષો ખાતરી આપે છે) અને બાકી પડતાં નાણાં એલોટી / લખી લેનારએ પ્રમોટર / આયોજકને હવે પછી દર્શાવવામાં આવેલ પધ્ધતિથી ચુકવવા સહમતિ દર્શાવેલ છે.

જત સદર એકટ / અધિનિયમની કલમ - ૧૩ હેઠળ પ્રમોટર / આયોજકે સદર **વિલા** ના વેચાણ હેતુ એલોટી / લખી લેનાર સાથે સદર તમામ હકીકતોને આવરી લેતો લેખિત કરાર કરવો આવશ્યક છે. તેમજ રજીસ્ટ્રેશન એકટ, ૧૯૦૮ હેઠળ સદર કરારની નોંધણી કરાવવી આવશ્યક છે. અથવા તથા અસર – પરસની સમજુતી મુજબે નોટરાઈઝ કરાવવાનો છે.

સદર કરારમાં નિર્દિષ્ટ શરતો અને નિયમો અનુસાર તેમજ પક્ષકારો વચ્ચે મૌખિક સમજૂતિ અનુસાર, પ્રમોટર / આયોજક **વિલા** વેચાણ કરવા માટે અને એલોટી / લખી લેનાર ખરીદવા માટે સહમત થયેલ છે.

**આથી, અમો / લખી આપનાર તથા તમો / લખી લેનારા તે બંન્ને પક્ષકારો નીચે દર્શાવેલ / જણાવેલ નિયમો તેમજ શરતોને આધિન સદર કરાર કરવામાં આવે છે.**

૧. અમો / લખી આપનાર / પ્રમોટર / આયોજક દ્વારા સદરહું યોજનાનું આયોજન કરવા માટે સ્થાનિક સત્તા મંડળ / સ્થાનીક મહાનગર સેવા સદન / કોર્પોરેશન દ્વારા જે-તે સમયે મંજૂર કરવામાં આવેલ પ્લાન, ડીઝાઈન તેમજ સ્પેશીફિકેશન મુજબ **"૫૪ – વિલા"** યોજનાનું આયોજન કરેલ છે. સદરહું યોજનાને **"SPARSH VILLA"** નામની યોજનાનું બાંધકામ કરશે / કરવામાં આવેલ છે. સિવાય કે એલોટી / લખી લેનાર / લખી લેનારા દ્વારા પ્રમોટર / આયોજક / આયોજકને બાંધકામમાં ફેરફાર અંગે અગાઉથી લેખિતમાં જણાવવામાં આવેલ હોય અથવા તે એલોટી / લખી લેનાર / લખી લેનારાના યુનીટ ડિઝાઈન પર પ્રતિકુળ અસર કરી શકે તેમ હોય અથવા કોઈ પણ સરકારી સત્તાઓ દ્વારા કે કાયદામાં બદલવાના કારણે

Sparsh Villa

ફેરફાર કે વધારો કરવાની જરૂરીયાત ઉભી થયેલ હોય તેવા સંજોગોમાં પ્રમોટર / આયોજક / આયોજક દ્વારા તે મુજબનો ફેરફાર કરવામાં આવશે તો તેમાં તમો / લખી લેનાર / એલોટી / લખી લેનારની સંમતી આપેલ છે તેમ માની લેવામાં આવશે.

૧.(એ) (i) આથી એલોટી / લખી લેનાર / લખી લેનાર તે પ્રમોટર / આયોજક પાસેથી **વિલા નંબર :** ......... વાળી મિલકત, જેનું **પ્લોટનું ક્ષેત્રફળ :** .................. **ચો. મીટર** તથા **કારપેટનું ક્ષેત્રફળ : ............ ચો. મીટર** વાળી મિલકત આવેલ છે. (જેને હવે પછી **"વિલા"** એ રીતે સંબોધવામાં આવશે.) તે **કુલ વેચાણ કિંમત રૂા................/- અંકે રૂપિયા** .................. **પુરા** છે. સદરહું યુનિટ તેના વરાડે પડતા સામાન્ય વિસ્તાર અને સગવડતાઓના વપરાશે હક્કો સાથે પ્રમોટર પાસેથી ખરીદવા અને પ્રમોટર આથી વેચવા સંમત થાય છે.

૧. (બી) જત, ઉપરોકત જણાવેલ પેરા નંબર : ૧ (એ) (i) માં જણાવ્યા મુજબની વેચાણ આપવા નક્કી કરેલ મિલકત તથા તમો/ લખી લેનાર દ્વારા વેચાણ લેવા નક્કી કરેલ મિલકત **"સદર વિલા"** તથા તેની **કુલ વેચાણ કિંમત રૂા................../- અંકે રૂપીયા ........................ પુરા** ગણવાની છે.

**<u>અવેજ ચુકવવાની પધ્ધતી / પેમેન્ટ પ્લાન :</u>**

૧. (સી) સદરહું પરિશિષ્ટવાળી મિલકત તે એલોટી / લખી લેનાર / લખી લેનાર તરફથી વેચાણ રાખવામાં આવેલ છે અને ઉપરોકત જણાવ્યા મુજબનો કુલ વેચાણ અવેજ નક્કી કર્યા બાદ સદરહું નીચે જણાવ્યા મુજબે તેનો કુલ વેચાણ અવેજ ચુકવવાનો છે અને તેની પધ્ધતી મુજબે કરાર કરતા પહેલા અથવા ફાળવણી / બુકીંગ સમયે સમયે ડેવલોપર / પ્રમોટર / આયોજકને **રૂા.** ............../- **અંકે રૂપિયા** ................ **પુરા** (જે કુલ અવેજના **૧૦ % થી વધુ ન હોય તે રીતે**) **એડવાન્સ** પેમેન્ટ તરીકે અથવા એપ્લીકેશન ફી તરીકે ચુકવેલ છે અને **બાકીના રૂા.........../- અંકે રૂપિયા** ...................... **પુરા** (ટોકન રકમ સિવાયની બાકી રહેતી રકમ) પ્રમોટર / આયોજકને નીચે મુજબ ચુકવવા સહમત થયેલ છે.

**<u>બાના પેટે ચુકવેલ અવેજની વિગત</u>**

| રકમ (રૂા.) | તારીખ | ચેક નંબર | બેંક |
|---|---|---|---|
| | | | |

i. રૂા.........................../- (કુલ અવેજના **30%** થી વધારે નહિ તેટલા) પ્રયોજકને આ કરાર કરવામાં આવે તે પછી ચૂકવી આપશે.

Sparsh Villa

ii. રૂા........................../- (કુલ અવેજના **૪૫%** થી વધારે નહિ તેટલા) પ્રયોજકને ઉકત **વિલા** જયા બાંધવામાં આવી રહેલ છે તે સ્થળે તે અથવા પ્રભાગની પ્લિન્થ સુધીનું પૂર્ણ થાય તેથી ચુકવી આપશે.

iii. રૂા........................../- (કુલ અવેજના **૭૦%** થી વધારે નહિ તેટલા) પ્રયોજકને ઉકત **વિલા** જે સ્થળે આવેલુ છે તે **વિલા** નું, પોડિયમ્સ અને સ્ટીલ્ટસ સહિતના સ્લેબનું બાંધકામ પૂર્ણ થાય તેથી ચુકવી આપશે.

iv. રૂા........................../- (કુલ અવેજના **૭૫%** થી વધારે નહિ તેટલા) પ્રયોજકને ઉકત **વિલા** ની દિવાલો, અંદરની તરફનું પ્લાસ્ટર, ફરસ / લાદી, બારી – બારણાનું કામ પૂર્ણ થાય તેથી ચુકવી આપશે.

v. રૂા........................../- (કુલ અવેજના **૮૦%** થી વધારે નહિ તેટલા) પ્રયોજકને ઉકત **વિલા** ના સેનેટરી ફીટીગ્ઝ, દાદર, વેલ્સ, ફલોર લેવલ સુધીનું કાર્ય પૂર્ણ થાય તેથી ચૂકવી આપશે.

vi. રૂા........................../- (કુલ અવેજના **૮૫%** થી વધારે નહિ તેટલા) પ્રયોજકને ઉકત **વિલા** જે સ્થળે સ્થિતી છે તે **વિલા** અથવા પ્રભાગની પાણીના પંપ વિદ્યુત જોડાણો, વિદ્યુત, યાંત્રિક અને પર્યાવરણ સંબંકિત આવશ્યકતાઓ જેનો ઉલ્લેખ વેચાણ - ખતમાં કરવામાં આવેલ છે તેવી કામગીરી પૂર્ણ થયેથી ચૂકવી આવશે.

vii. રૂા........................../- (કુલ અવેજના **૯૫%** થી વધારે નહિ તેટલા) પ્રયોજકને પાણી પંપ, વીજળી નૂર, વીજ યાંત્રિક અને પર્યાવરણ આવશ્યકતા પ્રવેશ દ્વારા, વરંડા, પ્લીથ, સંરક્ષણ, આસ પાસ પાળી રક્ષાત્મક વિસ્તાર (પ્ડવિંગ) અને અન્ય આવશ્યકતાની જેનો ઉલ્લેખ **વિલા** અથવા વિભાગના વેચાણ કરારમાં કરવામાં આવેલ હોય.

viii. શેષ રહેતી રૂા........................../- ની રકમ ભોગવટા પ્રમાણપત્ર અથવા પૂર્ણતા પ્રમાણપત્ર આપવામાં આવે તેથી **વિલા** નો કબજો ફાળવણી મેળવનારને સોંપવામાં આવે તેથી ચુકવી આપશે.

૧.(ડી) ઉપર જણાવેલ કુલ કિંમતમાં આજ દિન સુધીના એટલે કે એલોટી / લખી લેનારને **વિલા** ની સોંપણી કરતા સુધીના કોઈ પણ પ્રકારના કરનો સમાવેશ થયેલ નથી (પ્રમોટર / આયોજક દ્વારા સદર પ્રોજેકટના બાંધકામ સામે ચુકવવા પાત્ર વેલ્યુ એડેડ ટેક્ષ, સર્વિસ ટેક્ષ / જી.એસ.ટી. અને સેસ અથવા અન્ય સમાન કર તથા સદરહું યોજનાની કોમન એમેનીટીસ માટે જતો જાળવણી ખર્ચ / મેન્ટેનન્સ, તથા વિજળીના કનેકશન માટે થતો ડીપોઝીટની રકમ વિગેરે જે ચુકવવા પાત્ર હોય) જે અલોટી દ્વારા ડેવલોપર / પ્રમોટર / આયોજક સુચવે તે મુજબ અલગથી ચુકવવાના રહેશે.

તથા સદરહું કુલ વેચાણ કિમત માં ડેવલોપમેન્ટ ચાર્જમાં વધારો થાય કે સક્ષમ અધિકારી કે સરકારશ્રી દ્વારા વખતો વખત જે અન્ય ચાર્જ સક્ષમ અધિકારી દ્વારા વસુલ કરવામાં આવેલ યા લાદવામાં આવે તથા વધારો – ઘટાડો થાય અથવા આવે તો તેવા સંજોગોમાં પ્રમોટર / આયોજક / આયોજન, તે એલોટી / લખી લેનાર પાસેથી તેવી રકમની માંગણી અલગથી માંગી શકશે અને તેમા એલોટી / લખી લેનાર / લખી લેનાર દ્વારા તે

Sparsh Villa

અલગથી કે વધારો આપવાં બંધાયેલા રહેશે અને તેવી રકમ આપવા કે વધારો આપવા બંધાયેલા રહેશે.

૧.(ઈ) સદર કુલ કીમત ડેવલપમેન્ટ ચાર્જમાં વધારો થાય કે સક્ષમ સત્તાધિકારી કે સ્થાનિક સત્તાવાળાઓ / સરકાર દ્વારા વખતોવખત લાદવામાં આવેલ વધારા સિવાયની છે. પ્રમોટર / આયોજક એ બાબતે બાંહેધરી આપે છે કે ડેવલપમેન્ટ ચાર્જમાં વધારો થાય અથવા સક્ષમ સત્તાવાળાઓ દ્વારા લાદવામાં આવે તેવા સંજોગોમાં એલોટી / લખી લેનાર પાસેથી તેવી રકમની માંગણી કરતી વખતે સદર નોટીફિકેશન/ઓર્ડર/પ્રસિધ્ધ કરાયેલ કે ઈશ્યુ કરાયેલ રેગ્યુલેશન ડીમાન્ડ લેટરની સાથે સંલગ્ન કરશે, જે ફકત ત્યારબાદની અનુગામી ચુકવણીઓમાં લાગુ પડશે.

૧.(એફ) પ્રમોટર / આયોજક પોતાની મુનસફી મુજબ, એલોટી / લખી લેનાર દ્વારા ચુકવવાના થતા સરખા હપ્તાઓની વહેલી ચુકવણી બદલ એલોટી / લખી લેનારને તેટલા સમય માટે વાર્ષિક @ **SBI MCLR + 2%** ના છૂટનો લાભ આપી શકે છે. પ્રમોટર / આયોજક એલોટી / લખી લેનારને આ રીતે આપવામાં આવેલ છૂટ અને છૂટના દરમાં ફેરબદલ કરી શકશે નહી કે પાછા ખેંચી શકશે નહી.

૧.(જી) સદર બિલ્ડીગનુ બાંધકામ પૂર્ણ થયે અને કમ્પ્લીશન સર્ટીફિકેટ મળ્યા બાદ, કારપેટ એરીયામાં કરવામાં આવેલ ફેરબદલની વિગતોની પૂર્તતા કરી, એલોટી / લખી લેનારને ફાળવવામાં આવેલ ફાઈનલ કારપેટ એરીયાની ખાતરી કરશે, જેમાં ૩% ની વધઘટ સ્વીકાર્ય રહેશે. પ્રમોટર / આયોજકની સ્વીકૃતિ બાદ કારપેટ એરીયા પેટે ચુકવવાની થતી રકમની પુન : ગણતરી કરવાની રહેશે. જો તેમાં સૂચિત કારપેટ એરીયામાં ઘટ પડે તો એલોટી / લખી લેનાર દ્વારા ચુકવવામાં આવેલ વધારાની રકમ પ્રમોટર / આયોજકે એલોટી / લખી લેનારને ૪૫ - દિવસમાં વાર્ષિક @ **SBI MCLR + 2%** વ્યાજના દરે, જે તારીખે વધારાની રકમ ચુકવવામાં આવેલ હોય તે તારીખથી લાગૂ પડે તે રીતે, ચુકવવાની રહેશે જો સૂચિત કારપેટ એરીયામાં વધારો જણાય તો તેવી વધારાની રકમની માંગણી પ્રમોટર / આયોજક, એલોટી / લખી લેનારને અનુગામી પેમેન્ટ પ્લાન મુજબ કરશે. આ બધું નાણાંકીય સમાયોજન સદર મુદ્દા નં. ૧ (એ) માં દર્શાવેલ પ્રતિ ચોરસ મીટરના દરથી જ કરવાનું રહેશે.

૧.(એચ) લખી લેનાર / એલોટી / લખી લેનાર તે, પ્રમોટર / આયોજક ને એ બાબતે અધિકાર આપે છે કે પ્રમોટર / આયોજક પોતાના કાયદેસરના લેણાં / વેચાણ અવેજની રકમ જે એલોટી / લખી લેનાર દ્વારા ચુકવાયેલ હોય, તેની કોઈ પણ મથાળા હેઠળ પોતાને યોગ્ય લાગે તે મુજબ સમયોજન / ગોઠવણ કરી શકે છે અને આ બાબતે એલોટી / લખી લેનાર પ્રમોટર / આયોજક / આયોજક સામે કોઈ પણ પ્રકારની દલીલ કે દિશા નિર્દેશ કરી શકશે નહી.

૨.૧) આથી પ્રમોટર / આયોજક સદર પ્લાનની મંજૂરી મેળવતી વખતે અને એલોટી / લખી લેનારને **વિલા** ની સોંપણી કરવા દરમ્યાન સંબંધિત સ્થાનિક સત્તામંડળ તરફથી લાદવામાં

Sparsh Villa

આવેલ તમામ શરતો, નિયમો, અંકુશો અને નિયંત્રણો, જે કાંઈ હોય તે, સર્વેનું પાલન કરવાની બાંહેધરી આપે છે, અને સદર **વિલા** સંબંધિત ઓક્યેપન્સી અને / અથવા કમ્પ્લીશન સર્ટીફીકેટ મેળવી લેવાની ખાત્રી આપે છે.

૨.૨) સમય એ પ્રમોટર / આયોજક તેમજ એલોટી / લખી લેનાર બંન્ને માટે મહત્વપૂર્ણ છે. ઓક્યુપન્સી સર્ટીફીકેટ અથવા બન્ને, જે લાગૂ પડતું હોય, તે મેળવ્યા બાદ પ્રમોટર / આયોજક પ્રોજેક્ટ પૂર્ણ કરવા તેમજ એલોટી / લખી લેનારને **વિલા** સહિત ભાગે પડતો એરીયા સોંપવા માટે સમય મર્યાદાથી બંધાયેલ રહેશે.

તેવી જ રીતે, એલોટી / લખી લેનાર તેને ચુકવવાના થતા નાણાંનાં હપ્તા તેમજ અન્ય બાકી રકમોનું સમયસર ઉપરોક્ત મુદ્દા નં. ૧ (સી) (પેમેન્ટ પ્લાન) માં જણાવ્યા અનુસાર ચુકવણું કરશે અને અગ્રીમેન્ટની શરતોની પૂર્તતા કરશે એ શરતે કે પ્રમોટર / આયોજક દ્વારા સમય મર્યાદામાં બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ હોય.

૩. પ્રમોટર / આયોજક આથી જાહેર કરે છે કે સદર પ્રોજેક્ટની જમીનમાં હાલ ઉપલબ્ધ ફ્લોર સ્પેશ ઈન્ડેક્ષ **૧૩૭૧૩-૪૮ ચો. મીટર** છે તે પૈકી **૧૩૭૧૩-૪૮ ચો. મીટર** ઉપયોગમાં લેવાશે તેમાં ટીડીઆર અથવા એફએસઆઈના પ્રિમીયમની ચુકવણી દ્વારા અથવા ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશનમાં જણાવેલ વિવિધ સ્કીમના અમલ દ્વારા અથવા ભવિષ્યમાં સદર પ્રોજેક્ટ સંબંધિત ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશનમાં સુધારો થાય તેવા સંજોગોમાં ફ્લોર સ્પેશ ઈન્ડેક્ષમાં વધારો થઈ શકાશે. પ્રમોટર / આયોજકે સદર પ્રોજેક્ટની જમીનમાં **૪૩૭૧-૧૩ ચો. મીટર** ફ્લોર સ્પેશ ઈન્ડેક્ષનો ઉપયોગ કરવાનું સૂચિત કરેલ છે અને તે આધારે એલોટી / લખી લેનાર પ્રમોટર / આયોજક દ્વારા બાંધવામાં આવનાર અને વેચાણ કરવામાં આવનાર **વિલા** ખરીદવા સહમત થયેલ છે તેમજ એ બાબતે સહમત થયેલ છે કે પ્રમોટર / આયોજક દ્વારા જાહેર કરવામાં આવેલ ફ્લોર સ્પેશ ઈન્ડેક્ષ પર ફકત પ્રમોટર / આયોજકનો જ અધિકાર રહેશે.

૪.૧) જો પ્રમોટર / આયોજક સદર પ્રોજેક્ટ સમયસર પૂર્ણ કરવામાં અને **વિલા** નો કબજો એલોટી / લખી લેનારને સમયસર આપવામાં નિષ્ફળ જાય, તેવા સંજોગોમાં પ્રમોટર / આયોજક બાંહેધરી આપે છે કે તે એલોટી / લખી લેનારને, જો તે પ્રોજેક્ટમાંથી નામ પાછું ખેંચવામાં રસ ધરાવતા ન હોય તો, વાર્ષિક **@ SBI MCLR + 2%** લેખે એલોટી / લખી લેનાર એ ચુકવેલ રકમ પર વિલંબના દર મહીને, **વિલા** નો કબજો સોંપતા સુધી, વ્યાજ ચુકવશે. તે જ રીતે એલોટી / લખી લેનાર પણ પ્રમોટર / આયોજકને ચુકવવાની બાકી પડતી રકમ પર, કરારની શરતોને આધિન, જે તારીખથી રકમ બાકી હોય, તેના પર વાર્ષિક **@ SBI MCLR + 2%** લેખે વ્યાજ ચુકવવા સહમત થયેલ છે.

૪.૨) ઉપરોક્ત મુદ્દા નં. ૪.૧ માં પ્રમોટર / આયોજકના વ્યાજ લેવાના અધિકારને બાધ ન આવે તે રીતે, એલોટી / લખી લેનાર દ્વારા સદર કરારની શરતોને આધીન તેના દ્વારા પ્રમોટર / આયોજકને ચુકવવાની થતી રકમ (તેમજ સંબંધિત સ્થાનિક સત્તામંડળ દ્વારા તે રકમ પર લેણાં નીકળતા કરની રકમ સહિત ) સમયસર આપવામાં કસૂર કરે અને આ રીતે ત્રણ

Sparsh Villa

વખત નાણાંના હપ્તા ચુકવવામાં કસૂર થયેથી, પ્રમોટર / આયોજકને સદર કરાર રદ્દ કરવાનો અધિકાર છે.

એ શરતે કે, પ્રમોટર / આયોજક આ માટે એલોટી / લખી લેનારને ૧૫ દિવસ અગાઉ લેખિતમાં રજી. પોસ્ટ દ્વારા જણાવાયેલ સરનામે અને ઈ-મેઈલ પર નોટીસ આપી સદર કરાર રદ કરવાના પોતાના ઈરાદા અંગે જાણ કરશે અને સદર કરારની કઈ શરત કે શરતોનું ઉલ્લંઘન થયેલ છે તે બાબત જણાવશે. જો એલોટી / લખી લેનાર પ્રમોટર / આયોજક દ્વારા સૂચિત ઉલ્લંઘનોનું જણાવેલ નોટીસના સમયગાળામાં નિરાકરણ કરવામાં નિષ્ફળ જાય તો આવા નોટીસ સમયગાળાને અંતે, પ્રમોટર / આયોજક સદર કરારનો અંત લાવવાને હકકદાર રહેશે.

વધુમાં, આ રીતે કરારનો અંત લાવવામાં આવેલ હોય તે સંજોગોમાં, પ્રમોટર / આયોજક એલોટી / લખી લેનારને તેના દ્વારા ભરવામાં આવેલ રકમના નાણાં (પ્રમોટર / આયોજકને ચુકવવામાં થતી નુકશાની બાદ કરીને કે અન્ય કોઈ પણ રકમની ગોઠવણ કર્યા બાદ બાકી પડતી રકમ) ૩૦ - દિવસની અંદર ચુકવી આપશે.

૫. પ્રમોટર / આયોજક દ્વારા સદર બિલ્ડીગ / યોજનામાં આપવામાં આવનાર ફલોરીંગ તેમજ સેનેટરીને લગતાં ફિકચર્સ અને ફીટીંગ્સ તથા સુવિધાઓ વિગેરેનું વર્ણન સમજાવવામાં આવેલ છે.

૬. પ્રમોટર / આયોજક, એલોટી / લખી લેનાર ને સદર **વિલા** નો કબજો મોડામાં મોડા **તારીખ : ૩૧/૧૨/૨૦૨૭** સુધીમાં અથવા તે પહેલાં સોંપી દેશે. જો પ્રમોટર / આયોજક તેમ કરવામાં કસૂર કરે અથવા એવી કોઈપણ સ્થિતિ જે તેના અથવા તેના એજન્ટસના નિયંત્રણ બહાર હોવાને કારણે કબજો સોંપવાનું ટાળે, તેવા સંજોગોમાં એલોટી / લખી લેનાર દ્વારા માંગણી કરાયેથી પ્રમોટર / આયોજક સદર એગ્રીમેન્ટના મુદ્દા નં. ૪.૧ મુજબ એલોટી / લખી લેનાર દ્વારા ભરવામાં આવેલ નાણા અને તેના પર બેંકને ચુકવેલ વ્યાજ સહિતના તમામ નાણાં એલોટી / લખી લેનારને રકમ મળ્યાની તારીખથી વ્યાજસહિત ચૂકવવા જવાબદાર છે.

- જો કે, ખાસ કિસ્સામાં પ્રમોટર / આયોજક કબજો સોંપવાના સમયગાળામાં વધારો મેળવવાને હકકદાર રહેશે. જો સદર **વિલા** નું બાંધકામ નીચે મુજબના સંજોગોને લીધે વિલંબિત થયેલ હોય:

I. યુધ્ધ, પ્રજાકીય આંદોલન અથવા દૈવી આપત્તિ

II. નોટીસ, ઓર્ડર, રૂલ, સરકારી અને / અથવા અન્ય જાહેર કે સક્ષમ સત્તામંડળ / નોટીફિકેશન (તેમ છતાં એલોટી / લખી લેનાર અને પ્રમોટર / ડેવલોપર દ્વારા અરસ – પરસની સમજુતી મુજબે સમજુતી મુજબે સમયમાં વધારો કરી શકાશે)

**<u>કબજો લેવાની કાર્યવાહી :</u>**

Sparsh Villa

૭.૧) પ્રમોટર / આયોજક, સક્ષમ સત્તાધિકારી પાસેથી ઓકયુપેન્સી સર્ટીફિકેટ મેળવ્યા બાદ અને એલોટી / લખી લેનાર દ્વારા સદર કરાર મુજબ નાણાંની ચુકવણી થયા બાદ ૩ - મહિનાની અંદર એલોટી / લખી લેનારને **વિલા** નો કબજો સોંપશે. પ્રમોટર / આયોજક એ બાબતે ખાતરી આપે છે કે પ્રમોટર / આયોજકના પક્ષે પૂર્ણ કરવાની આવતી કોઈપણ પ્રકારની જોગવાઈ, ઔપચારિકતા કે દસ્તાવેજીકરણને લગતી બાબતોની પૂર્તતા તે કરી આપશે. પ્રમોટર / આયોજક ઓકયુપન્સી સર્ટીફીકેટ મળ્યાના દિન – ૭ ની અંદર તેના વતી એલોટી / લખી લેનારને **વિલા** નો કબજો સોંપવાની કાર્યવાહી કરશે.

૭.૨) પ્રમોટર / આયોજક દ્વારા લેખિતમાં સદર **વિલા** નો ઉપયોગ તેમજ તેના કામ પૂર્ણ રીતે તૈયાર હોવાની નોટીસ / જાણ કરેથી, લખી લેનાર / એલોટી દિન – ૧૫ માં **વિલા** નો કબજો લેશે.

૭.૩) એલોટી / લખી લેનાર દ્વારા વેચાણ આપવામાં આવેલ મિલકત / **વિલા** નો કબજો લેવામાં ચૂક થવી : ઉપરોકત મુદ્દા નંબર : ૭.૧ મુજબ પ્રમોટર / આયોજક દ્વારા લેખિત સૂચના મળ્યેથી, એલોટી / લખી લેનાર સદર કરારમાં દર્શાવેલ આવશ્યક ક્ષતિપૂર્તિઓ, બાંહેધરીઓ અને દસ્તાવેજોની પૂર્તતા કર્યા બાદ કબજો લેશે અને પ્રમોટર / આયોજક એલોટી / લખી લેનારને અપાર્ટમેન્ટ / યુનીટ નો કબજો સોંપશે. જો એલોટી / લખી લેનાર મુદ્દા નં. ૭.૧ માં દર્શાવેલ સમયમર્યાદામાં કબજો લેવામાં નિષ્ફળ જાય કે ચૂક કરે તેવા સંજોગોમાં એલોટી / લખી લેનાર લાગૂ પડતા મેન્ટેનન્સ ચાર્જ ચુકવવા બંધાયેલ છે.

૭.૪) સદર **વિલા** નો કબજો એલોટી / લખી લેનારને સોંપ્યા બાદ અથવા તથા સદરહું યુનીટનો કબજો સંભાળી લેવાની લેખીતમાં જાણ કર્યા બાદના ૧૫ – દિવસ બાદ ના પાંચ વર્ષ ના સમયગાળાની અંદર એલોટી / લખી લેનાર **વિલા** ની અંદર અથવા તો બિલ્ડીગ જયાં **વિલા** સ્થિત છે તેમાં, કોઈપણ પ્રકારની માળખાકીય ક્ષતિ અથવા કારીગરી, ગુણવત્તા કે સેવાની જોગવાઈને કારણે ઉદ્ભવેલ ક્ષતિ પ્રમોટર / આયોજકના ધ્યાને લાવે, તેવા સંજોગોમાં, શકય હોય ત્યાં પ્રમોટર / આયોજક પોતાને ખર્ચે આવી ક્ષતિ સુધારી આપશે અને જો તે રીતે ક્ષતિપૂર્તિ શકય ન હોય તો એલોટી / લખી લેનાર પ્રમોટર / આયોજક પાસેથી કાયદામાં સૂચવે પધ્ધતિએ વળતર મેળવી શકે છે. જોકે પ્રમોટર / આયોજકના નિયંત્રણ બહારની હોય તેવી કોઈપણ પ્રકારની માળખાકીય ક્ષતિ અથવા કારીગરી, ગુણવતાત કે સેવાની જોગવાઈની ક્ષતિપૂર્તિ માટે પ્રમોટર / આયોજક જવાબદાર રહેશે નહી.

૮. એલોટી / લખી લેનાર તેને ફાળવવામાં આવેલ **વિલા** કે તેના કોઈપણ ભાગનો ફકત રહેંણાક ઉપયોગ કરશે અથવા તે રીતે ઉપયોગ કરવાની પરવાનગી આપશે. તે પાર્કીંગ સ્પેશનો ઉપયોગ સભાસદોએ ફકત વાહનો પાર્ક કરવા માટે જ કરશે.

૯. એલોટી / લખી લેનાર બિલ્ડીગના અન્ય **વિલા** ના એલોટી / લખી લેનારઓ સાથે ભેગા મળી સોસાયટી અથવા લીમીટેડ કંપની જે પ્રમોટર / આયોજક સૂચવે તે નામ મુજબની રચના કરશે અને તેની નોંધણી કરાવશે અને આ હેતુ માટે રજીસ્ટ્રેશન તથા સભાસદોની નોંધણી માટે આવશ્યક એવા તમામ પેપર્સ અને તેમજ સદર સૂચિત સોસાયટીના સભાસદ

Sparsh Villa

બનવા માટે ઘડવામાં આવેલ પેટા નિયમો તથા ડોક્યુમેન્ટ પર સહીઓ કરી આપશે અને દિન-૭ ની અંદર પ્રમોટર / આયોજકને પરત કરશે. પેટા નિયમોમાં અથવા કો-ઓપરેટીવ સોસાયટીના રજીસ્ટ્રારશ્રી દ્વારા કે સક્ષમ સત્તામંડળ દ્વારા સોસાયટીના મેમોરેન્ડમ ઓફ એસોસિએશનમાં કોઈપણ પ્રકારના સુધારા-વધારા કરવામાં આવે તેની સામે એલોટી / લખી લેનાર કોઈ પ્રકારનો વાંધો કે તકરાર કરશે નહી.

૯.૧) પ્રમોટર / આયોજક દ્વારા સદર **વિલા** નો ફક્ત રહેંણાક ઉપયોગ માટે તૈયાર હોવા બાબતની લેખિત નોટીસ મળ્યા બાદ એલોટી / લખી લેનાર દિન-૧૫ ની અંદર સદર પ્રોજેક્ટ લેન્ડ અને બિલ્ડીગ સંબંધિત તેના ભાગે પડતા હિસ્સા (એટલે કે **વિલા** ના કારપેટ એરીયાના પ્રમાણ) ની રકમ જેવી કે સ્થાનિક કરવેરા, બેટરમેન્ટ ચાર્જીસ અથવા અન્ય એવા બીજા સ્થાનિક સત્તામંડળ અને/અથવા સરકાર દ્વારા લાદવામાં આવેલ ચાર્જીસ, પાણી ચાર્જ, વીમો, કોમન લાઈટ, રીપેર અને કલર્ક, ચોકીદાર, સ્વીપર વગેરેના પગાર તેમજ સદર પ્રોજેક્ટ લેન્ડ તેમજ બિલ્ડીગના નિભાવ માટેના તમામ ખર્ચની ભાગે પડતી રકમ ચુકવવા બંધાયેલ છે. ત્યાં સુધી સોસાયટી કે એસોસીએશનની રચના ન થાય ત્યાં સુધી એલોટી / લખી લેનાર પ્રમોટર / આયોજકને આવી ભાગે પડતી રકમ નક્કી થયા મુજબ ચુકવશે. એલોટી / લખી લેનાર એ બાબતે બાંહેધરી આપે છે કે જ્યાં સુધી એલોટી / લખી લેનારને ભાગે પડતી રકમનો હિસ્સો નક્કી ન થાય ત્યાં સુધી તે પ્રમોટર / આયોજકને વૈકલ્પિક/કામચલાઉ માસિક યોગદાન આવા ખર્ચાઓ પેટે ચુકવશે. એલોટી / લખી લેનાર દ્વારા પ્રમોટર / આયોજકને આ રીતે ચુકવવામાં આવેલ રકમ પર કોઈપણ પ્રકારનુ વ્યાજ લાગૂ પડશે નહી અને જયાં સુધી સોસાયટી કે એસોશીએશનની રચના થઈને તેના ખાતામાં આવી રકમ જમા ન થાય, ત્યાં સુધી આવી રકમ પ્રમોટર / આયોજકને હસ્તક રહેશે.

૧૦. એલોટી / લખી લેનાર દ્વારા સદર એગ્રીમેન્ટમાં દર્શાવેલ ચુકવવાની રકમ સિવાય, સદર મિલકતનો કબજો મળે ત્યાં સુધી એલોટી / લખી લેનાર તેના ભાગે પડતી રકમ પ્રમોટર / આયોજક સૂચવે તે રીતે ભરપાઈ કરવા બંધાયેલ છે અને આવી રકમનો સદર કરારની અન્ય જોગવાઈઓમાં સમાવેશ કરવામાં આવેલ નથી.

૧૧. એલોટી / લખી લેનાર પ્રમોટર/આયોજકને આવી/એસોસીએશન/લીમીટેડ કંપનીની રચના કરવા, તેના નિયમો, બંધારણ તથા પેટાનિયમોની રચના માટે કાનુની ખર્ચ પેટે, જેમાં પ્રમોટર/આયોજકના એટર્ની-એટ-લો /વકીલની ફી અલગથી ચુકવશે.

૧૨. તબદીલ-દસ્તાવેજની નોંધણી સમયે એલોટી / લખી લેનાર પ્રમોટર / આયોજકને ચુકવવા પાત્ર સ્ટેમ્પ ડ્યુટીના ભાગ પેટેની રકમ ચુકવશે. પ્રોજેક્ટ લેન્ડની તબદીલી કે, એલોટી / લખી લેનાર પ્રમોટર / આયોજક ને આવી એપેક્ષ બોડી અથવા ફેડરેશન દ્વારા સદર તબદીલી માટે અથવા દસ્તાવેજ કે હસ્તાતંરણના ઉપરકરણ પેટે ચુકવવા પાત્ર સ્ટેમ્પ ડ્યુટીના ભાગ પેટેની રકમ ચુકવશે.

૧૩. **પ્રોત્સાહક / પ્રમોટર / આયોજકની રજુઆતો અને ખાત્રી / વોરંટીઓ:**

પ્રોત્સાહક / પ્રમોટર આથી નીચે મુજબે રજૂઆતો અને ખાત્રીઓ ફાળવણીમાં લખી લેનાર / એલોટીને આપે છે :

Sparsh Villa

૧) પ્રમોટર / આયોજક સદર પ્રોજેકટ લેન્ડ સંબંધિત કલીયર અને માર્કેટેબલ ટાઈટલ ધરાવે છે, જે સદર એગ્રીમેન્ટ સાથે જોડેલ ટાઈટલ રીપોર્ટમાં દર્શાવવામાં આવેલ છે તેમજ સદર પ્રોજેકટ લેન્ડ પર બાંધકામ કરવાની આવશ્યક પરવાનગી ધરાવે છે તેમજ સદર પ્રોજેકટ લેન્ડ પર પ્રોજેકટના અમલીકરણના વાસ્તવિક, ભૌતિક અને કાનૂની અધિકારો ધરાવે છે.

૨) પ્રમોટર/આયોજક સક્ષમ સદર પ્રોજકટ પર બાંધકામ માટેની સક્ષમ સત્તામંડળની મંજૂરીઓ ધરાવે છે તેમજ પ્રોજેકટ પૂર્ણ કરવા માટે વખતો વખત લેવી પડતી મંજૂરીઓ મેળવી લેશે.

૩) સદર પ્રોજકટ લેન્ડ પર ટાઈટલ રીપોર્ટમાં દર્શાવ્યા સિવાયનો કોઈપણ પ્રકારનો બોજો નથી.

૪) સદર પ્રોજકટ લેન્ડ બાબત ટાઈટલ રીપોર્ટમાં દર્શાવ્યા સિવાયનો કોઈપણ પ્રકારનો દાવો કોઈ પણ કોર્ટમાં નિકાલ માટે પડતર / પેન્ડીગ નથી.

૫) સદર પ્રોજેકટ અને પ્રોજેકટ લેન્ડ અને બિલ્ડીગ/વિંગ સંબંધિત સક્ષમ સત્તાધિકારી દ્વારા જારી કરવામાં આવેલ તમામ મંજૂરીઓ, લાઈસેંસ અને પરવાનગીઓ કાયદેસરની છે અને તે કાનુની પ્રક્રિયાનું પાલન કરીને મેળવવામાં આવેલ છે. વધુમાં, સદર પ્રોજેકટ અને પ્રોજેકટ લેન્ડ તથા બિલ્ડીગ/વિંગ સંબંધિત સત્તાધિકારી મેળવવામાં આવશે તથા પ્રમોટર / આયોજક દરેક સમેયે સદર પ્રોજેકટ, પ્રોજેકટ લેન્ડ, બિલ્ડીગ/વિંગ અને કોમન એરીયા સંબંધિત લાગુ પડતા તમામ કાયદાઓનું પાલન કરવા બંધાયેલ રહેશે.

૬) પ્રમોટર / આયોજકને સદર કરારમાં દાખલ થવાનો અધિકાર છે અને તેમ કરવાથી એલોટી / લખી લેનારના કોઈપણ અધિકાર, ટાઈટલ કે હિત જે આ કરારથી ઉદ્‌ભવેલ હોય તેનું હનન થતુ નથી.

૭) પ્રમોટર / આયોજક સદર પ્રોજેકટ લેન્ડ અને પ્રોજેકટ / **વિલા** ના વેચાણ કે બાંધકામ બાબત અન્ય વ્યકિત સાથે એવા કોઈ કરાર કરેલ નથી. જેનાથી કોઈપણ પ્રકારે એલોટી / લખી લેનારના સદર એગ્રીમેન્ટથી ઉદ્‌ભવેલ અધિકારોનું હનન થતું હોય.

૮) પ્રમોટર / આયોજક એ બાબતે બાંહેધરી આપે છે કે સદર કરારની રૂએ એલોટી / લખી લેનારને સદર **વિલા** નું વેચાણ કરવા માટે તેના પર કોઈ પ્રકારનો પ્રતિબંધ લદાયેલ નથી.

૯) સદર માળખાની તબદીલી એલોટી / લખી લેનારઓના એસોસીએશનને કરતી વખતે પ્રમોટર / આયોજક સદર સ્ટ્રકચરના કોમન એરીયાઓનો કાનુની, ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો એલોટી / લખી લેનારઓના એસોસીએશનને સોંપી દેશે.

૧૦) પ્રમોટર / આયોજક સદર પ્રોજેકટ સંબંધિત સક્ષમ સત્તાધિકારીને ચુકવવાપાત્ર તમામ પ્રકારના વિવાદિત સરકારી લેણાં, દર, ચાર્જીસ અને કર તથા અન્ય નાણાં, લેવી, વસુલાતા, પ્રિમીયમ, નુકશાની અને / અથવા દંડ તેમજ અન્ય ખર્ચાઓ ચુકવી દીધેલ છે તેમજ જો બાકી પડતા હોય તે ચુકવવાનું ચાલુ રાખશે.

૧૧) સદર પ્રોજેકટ બાબત ટાઈટલ રીપોર્ટમાં દર્શાવેલ સિવાય કોઈપણ પ્રકારની સરકારી કે સ્થાનિક સત્તામંડળની નોટીસ કે કોઈ કાનુની નિયમ, સરકારી વટહુકમ, હુકમ,

Sparsh Villa

જાહેરનામું (મિલકતની જપ્તી કે માંગણી માટેની નોટીસ સહિત) પ્રમોટર / આયોજકને બજવવામાં આવેલ નથી કે આજ દિન સુધી મળેલ નથી.

૧૨) વધુમાં સદરહું યોજનાના મંજુર થયેલ નકશામાં દર્શાવેલ કોમન પાર્કીંગની જગ્યાનો યોજનાના તમામ સભાસદોઓ / મેમ્બરોએ સામુહીક રીતે ફકત ને ફકત પાર્કીની જગ્યા તરીકેજ ઉપયોગ કરવાનો છે તે જગ્યામાં અન્ય કોઈને કનડગત થાય તે રીતે ઉપયોગ કરવાનો નથી.

૧૪. **એલોટી / લખી લેનાર/ઓ અથવા જેના ફાળે સદર વિલા આવે તેઓ, પ્રમોટર / આયોજક સાથે નીચે મુજબના કરારથી બંધાય છે :**

૧) કબજો મેળવ્યાની તારીખથી **વિલા** ને સારી અને સુરક્ષિત સ્થિતિમાં રાખવાની જવાબદારી એલોટી / લખી લેનારની રહેશે. તેમજ **વિલા** કે તેના કોઈપણ ભાગ અથવા જયાં **વિલા** આવેલ છે તેમાં એવા કોઈપણ પ્રકારના ફેરફાર કે સુધારા-વધારા કરશે નહી કે કરાવશે નહી જે નિયમો, નિયંત્રણો કે પેટા-નિયંત્રણો કે પેટા-નિયમોની વિરૂધ્ધ હોય અને તેમ કરવું આવશ્યક હોય તો સ્થાનિક સત્તાધિકારી પરવાનગી વિના કરી શકાશે જ નહી.

૨) સદરહું **વિલા** માં કોઈપણ પ્રકારની જોખમી, જલદ અથવા ખતરનાક પ્રકૃતિની વસ્તુઓ અથવા ભારે ભરખમ વસ્તુઓ જે **વિલા** ને અથવા જયાં **વિલા** આવેલ છે તેના બાંધકામ કે માળખાને નુકશાન પહોંચાડી શકે તેમ હોય અથવા એવી વસ્તુઓ કે જે સ્થાનિક સત્તાધિકારી દ્વારા પ્રતિબંધિત હોય તેનો સંગ્રહ કરવો નહી અને ભારે ભરખમ વસ્તુઓ જેનાથી દાદર, કોમન પેસેજ અથવા અન્ય કોઈપણ ભાગ કે જયાં **વિલા** સ્થિત છે તથા **વિલા** ના મુખ્ય પ્રવેશને કોઈ પ્રકારનું નુકશાન પહોંચે અથવા નુકશાન થવા સંભવ હોય, તેની હેરફેર વખતે પૂરતી કાળજી અને જો એલોટી / લખી લેનાર દ્વારા અપૂરતી કે બેદરકારીને કારણે આવું કોઈ નુકશાન ઉદ્દ્ભવે તો આવા ઉલ્લંઘનને કારણે ઉભા થનારા સંજોગો માટે એલોટી / લખી લેનાર પોતે જવાબદાર રહેશે.

૩) આંતરિક સુધારા-વધારા એલોટી / લખી લેનારએ જાતે કરાવી લેવાના રહેશે અને પ્રમોટર / આયોજક દ્વારા જે સ્થિતિમાં **વિલા** આપવામાં આવેલ હોય તે જે સ્થિતિમાં તેને જાળવી રાખવાનું રહેશે. તેમજ સ્થાનિક સત્તાધિકારીના કાયદા, નિયંત્રણો કે પેટાનિયમો વિંરૂધ્ધ એવું કાંઈ પણ કરવું કે કરાવવું નહી, ઉપરોકત શરતનો એલોટી / લખી લેનાર દ્વારા ભંગ થાય તે સંજોગોમાં એલોટી / લખી લેનાર પોતે સ્થાનિક સત્તાધિકારી કે અન્ય જાહેર સત્તા પ્રત્યે જવાબદાર રહેશે.

૪) **વિલા** કે તેના કોઈપણ ભાગની તોડફોડ કરવી કે કરાવવી નહી તેમજ **વિલા** ના એલીવેશન કે જયાં **વિલા** સ્થિત છે તેની બાહય કલર, સ્કીમમાં કોઈ પ્રકારનો ફેરફાર કરવો નહી અને **વિલા** ના અન્ય ભાગો તથા ગટર, ડ્રેનેજ અને પાઈપો તેમજ તેના સહયોગી ભાગોને સારી સ્થિતિમાં જાળવી રાખવાના રહેશે, અને ખાસ કરીને, અન્ય ભાગોને આધાર મળી રહે તે હેતુથી કોલમ, બીમ, દિવાલો, સ્લેબ કે આર.સી.સી. તેમજ **વિલા** ના અન્ય ભાગોમાં પ્રમોટર / આયોજક અને/અથવા સોસાયટી અથવા લીમીટેડ કંપનીની લેખિત પરવાનગી સિવાય કોઈપણ પ્રકારનું કોતરકામ કે અન્ય કોઈ પ્રવૃત્તિ કરવી નહી.

Sparsh Villa

૫) એવું કોઈ પણ કાર્ય કે બાબત કરવું નહી કે કરવા માટે પરવાનગી આપવી નહી જેનાથી પ્રોજેક્ટ લેન્ડ અને કે જયાં **વિલા** સ્થિત છે તે અથવા તેના કોઈ પણ ભાગના વીમાનો દાવો રદબાતલ થાય કે થઈ શકે તેમ હોય અથવા તો વીમાના પ્રિમીયમની ભરવાની થતી રકમમાં વધારો થઈ શકે.

૬) **વિલા** જયાં સ્થિત છે તે કંમ્પાઉન્ડ અથવા પ્રોજેક્ટ લેન્ડના કોઈપણ ભાગમાં ધૂળ, કચરો, ચીથરા, એંઠવાડ કે કચરો ફેંકવો નહી કે ફેંકવા માટે પરવાનગી આપવી નહી.

૭) પ્રમોટર / આયોજક દ્વારા માંગણી કરવામાં આવે તેના પંદર દિવસની અંદર એલોટી / લખી લેનારએ પ્રમોટર / આયોજકને જયાં **વિલા** સ્થિત છે તેના પાણી, વીજળી તેમજ અન્ય સુવિધાઓના કનેકશનના સ્થાનિક સત્તાધિકારીને ચુકવવાના થતા નાણાં ચુકવી દેવાના રહેશે.

૮) જે હેતુથી **વિલા** વેચવામાં આવેલ હોય તે હેતુમાં એલોટી / લખી લેનાર દ્વારા બદલાવ કરવામાં આવેલ હોય તેના કારણે સ્થાનિક કર, પાણી ચાર્જ, વીમા તેમજ અન્ય લેણાં જે કોઈ હોય, તેની રકમમાં સંબંધિત સ્થાનિક સત્તામંડળ અને / અથવા સરકાર અથવા અન્ય જાહેર સત્તા દ્વારા વધારો લાદવામાં આવેલ હોય તે એલોટી/લખી લેનારએ ભોગવવાનો રહેશે.

૯) એલોટી/લખી લેનાર દ્વારા પ્રમોટર/આયોજકને સદર કરારની રૂએ ચુકવવાના થતાં નાણાં પુરેપુરા ભરપાઈ ન થાય ત્યાં સુધી એલોટી/લખી લેનાર સદર **વિલા** કે તેનો કોઈ પણ ભાગ ભાડે, પેટા ભાડે આપી શકશે નહીં કે અન્ય આશયથી સહિયારો વાપર ઉપયોગ કરવા માટે આપી શકશે નહી.

૧૦) **વિલા** કે તેના કોઈપણ ભાગની સુરક્ષા તથા સંચાલન માટે સોસાયટી / લીમીટેડ કંપની / એપેક્ષ બોડી / ફેડરેશનના ગઠન બાદ લાગુ કરવામાં આવેલ તમામ નિયમો, પેટાનિયમો તેમજ તેમાં સુચવવામાં આવેલ વખતો વખતો વખતના સુધારા તથા સ્થાનિક સત્તામંડળ અને સરકારશ્રી તથા અન્ય સ્થાનિક સંસ્થાઓ દ્વારા લાગુ જે-તે વખતના નિયમોનું એલોટી/લખી લેનારએ પાલન કરવાનું રહેશે. સોસાયટી / લીમીટેડ કંપની / એપેક્ષ બોડી / ફેડરેશન દ્વારા **વિલા** ના ભોગવટા તથા વાપર-ઉપયોગ માટે ઠરાવવામાં આવેલ નિયમો અને શરતોનું પણ પાલન કરવાનું રહેશે તેમજ સદર કરારની રૂએ ચુકવવાના થતા કર, ખર્ચ વગેરે પેટે ચુકવવાનો થતો પોતાનો ફાળો નિયમિત અને સમયસર ચુકવવાનો રહેશે.

૧૧) એલોટી/લખી લેનાર પ્રમોટર/આયોજક અને તેના સર્વેયરો તથા એજન્ટસને, કામદારો સાથે કે કામદારો વિના, દરેક વ્યાજબી સમયે સદર યુનીટ કે તેના કોઈપણ ભાગમાં પ્રવેશ કરી બિલ્ડીગની સ્થિતિ અને હાલત તપાસવાની અનુમતિ આપશે.

૧૫. પ્રમોટર / આયોજક એલોટી / લખી લેનાર તરફથી મળેલ એડવાન્સ અથવા ડીપોઝીટ, કો-ઓપરેટીવ સોસાયટી અથવા એસોસીએશન / કંપનીના ગઠન માટે મળેલ રકમ અથવા અન્ય કોઈ જાવક, લીગલ ચાર્જીસ, યોજનાની કોમન એમેનીટીસના મેન્ટેનન્સ ખર્ચ પેટે ઉઘરાવવામાં આવેલ રકમનું એક અલાયદું ખાતુ જાળવશે અને જે હેતુથી તે રકમ મેળવવામાં આવેલ હોય તે માટે જ તેનો ઉપયોગ કરશે.

Sparsh Villa

૧૬. સદર કરારમાં દર્શાવેલ **વિલા** અથવા યુનીટ કે તેના કોઈપણ ભાગને લગતી બાબતનો કાનુની હેતુ માટે ઉપયોગ થઈ શકશે નહી. સદર કરારની રૂએ એલોટી/લખી લેનારને વેચવામાં આવેલ **વિલા** સહીતની ખુલ્લી જગ્યા, પાર્કિંગ સ્પેશ, કોમન સ્થળ વિગેરે પર એલોટી/લખી લેનાર પોતાનો દાવો કરી શકશે નહી જયાં સુધી તે સદર કરારમાં દર્શાવ્યા મુજબ હસ્તાંતરિત કરવામાં ન આવેલ હોય.

૧૭. **પ્રમોટર / આયોજક મોર્ગેજ કરશે નહી કે હવાલો આપશે નહી.**
સદર કરાર કર્યા બાદ પ્રોત્સાહક / આયોજન પ્રમોટર સદરહું પરિશિષ્ટવાળી મિલકત / **વિલા** ઉપર કોઈ ભાડા પટ્ટો / મોર્ગેજ કરશે નહી કે તેનો હવાલો આપશે નહી અને જો આવું કોઈ ભાડા પટ્ટો / મોર્ગેજ અથવા બોજો ઉત્પન્ન કરવામાં આવે તો બીજા સમયે અમલી કોઈ કાયદામાં કંઈ પણ જોગવાઈ હોય, આવો ભાડા પટ્ટો / મોર્ગેજ અથવા બોજો ફાળવણીમાં મેળવનારના હકક અને હિતને અસર કરશે નહી, જેણે સદરહું **વિલા** ખરીદવા સંમતિ આપી અથવા મેળવી છે. પ્રમોટર સદર યોજનાની વણવહેંચાયલી તમામ મીલકતના કાયદેસરના માલીક છે એ તેઓ તે મીલકતને તેમની ઈચ્છા મુજબ ભાડે અથવા તો મોર્ગેજ આપી શકે છે અને તે મીલકતના પેટા ભાડુઆતો તમામ કોમન એમીનીટીસનો વાપર ઉપયોગ કરી શકશે.

૧૮. **બંધનકર્તા અસર :** પ્રમોટર/આયોજક દ્વારા એલોટી/લખી લેનારને સદર એગ્રીમેન્ટ આપવામાં આવે તેનાથી પ્રમોટર/આયોજક કે અલોટી પર ત્યાં સુધી કોઈ પ્રકારનું બંધન ઉભું થશે નહી, જયાં સુધી સૌપ્રથમ, એલોટી/લખી લેનાર સદર કરાર સાથેના તમામ શેડયુલ પર સહી કરીને નિર્દેશિત પેમેન્ટ પ્લાન મુજબની રકમ સદર એગ્રીમેન્ટ મળ્યાના ૩૦ દિવસની અંદર ભરી દે અને બીજું, પ્રમોટર/આયોજક દ્વારા જણાવવામાં આવે ત્યારે સદર કરારના રજીસ્ટ્રેશન માટે સંબંધિત સબ-રજીસ્ટ્રાર સક્ષમ ઉપસ્થિત થાય. જો એલોટી/લખી લેનારને તેને આવો કરાર મળ્યાના ૩૦ - દિવસની પહોંચતો કરવામાં નિષ્ફળ જાય કે પ્રમોટર/આયોજક દ્વારા જણાવ્યા બાદ સબ-રજીસ્ટ્રાર સમક્ષ રજીસ્ટ્રેશન માટે ઉપસ્થીત થવામાં નિષ્ફળ જાય, તેવા સમયે પ્રમોટર/આયોજક એલોટી/લખી લેનારને તે બાબતનો નિવેડો લાવવા માટે નોટીસ આપશે, અને આવી નોટીસ મળ્યાના દિન-૧૫ ની અંદર પણ એલોટી/લખી લેનાર તેનો નિવેડો લાવવામાં જો નિષ્ફળ જાય તો એલોટી / લખી લેનારની અરજી રદબાતલ આવશે અને પ્રમોટર/આયોજકે એલોટી/લખી લેનારને તેના દ્વારા ભરેલ નાણાં બુકીગ અમાઉન્ટ સહિત કોઈપણ પ્રકારના વ્યાજ કે વળતર વિના પરત કરવાના રહેશે.

૧૯. **સમગ્ર કરાર :** સદર કરાર તેના દરેક શેડયુલ તથા પરિશિષ્ટો સહિતનો સદર કરારમાં દર્શાવેલ પક્ષકારો વચ્ચેનો સંપૂર્ણ કરાર છે અને તે સદર **વિલા** સંબંધિત આ સિવાયના અન્ય દરેક સમજૂતિ-કરાર, અન્ય કરાર, એલોટમેન્ટ લેટર, પત્ર વ્યવહાર, ગોઠવણો લેખિત કે મૌખિક, જે કંઈ હોય તેને આ કરારથી રદબાતલ અને બિન અસરકારક ઠરાવે છે.

૨૦. **સુધારા / દુરસ્તીનો અધિકાર :** સદર કરારમાં સંબંધિત પક્ષકારોની સંમતિથી સુધારો થઈ શકશે.

Sparsh Villa

૨૧. **એલોટી/લખી લેનાર/અનુગામી એલોટી/લખી લેનાર માટે સદર કરારની જોગવાઈઓ :** આથી પક્ષકારો સ્પષ્ટ રીતે સમજે છે અને એ બાબતે સંમત છે કે સદર કરારમાં ઉલ્લેખિત તમામ જોગવાઈઓ અને સદર પ્રોજેક્ટ સંબંધે ઉભી થતી તમામ જવાબદારીઓ અનુગામી એલોટી/લખી લેનાર (તબદીલીના કિસ્સામાં) પર સમાન રીતે લાગૂ અને અમલપાત્ર રહેશે.

૨૨. **એલોટી/લખી લેનાર/અનુગામી એલોટી/લખી લેનાર માટે સદર કરારની જોગવાઈઓ :** સદર કરારની કોઈ પણ જોગવાઈઓ કોઈ પણ કાયદો કે નિયમનો ભંગ થતો હોય તે અન્ય કાયદા હેઠળ તે બિન અમલકારક હોય અથવા તેનાથી તે જોગવાઈને રદબાતલ કરવામાં આવશે અથવા તેમાં અમલમાં હોય તે કાયદા અનુસાર સુધારા-વધારા કરવામાં આવશે. તે સિવાયની કરારની અન્ય જોગવાઈઓ કરારની મુદત દરમ્યાન યથાવત અને અમલપાત્ર રહેશે.

૨૩. **કરાર સંદર્ભે આંશિક ફાળાની ગણનાની રીત :** સદર કરારમાં જયાં પણ નિયત કરેલ હોય કે એલોટી / લખી લેનારએ અન્ય એલોટી / લખી લેનારઓ સહિત કોઈ ભાગે પડતી રકમની ચુકવણી કરવાની હોય, તે પ્રોજેકટના દરેક **વિલા** ના કારપેટ એરિયાના પ્રમાણમાં રહેશે.

૨૪. **વધુ / વિશેષ ખાત્રીઓ :** બન્ને પક્ષકાર સંમત થયા છે કે તેઓ આમાં સ્પષ્ટ રીતે જોગવાઈ કરી છે તે ઉપરાંત આ કરારની જોગવાઈઓના અમલને અસર આપવા યથોચિત જરૂરી અથવા આમાં જણાવેલ વ્યવહારો અથવા આ નીચે ઉભા કરેલા અથવા તબદિલ હક અથવા અન્ય તેવા વ્યવહારોના કારણ માટે એવા દસ્તાવેજ કરી આપશે, પહોંચ આપશે અને સોંપશે અને તમામ પગલા લેશે.

૨૫. **અમલનું સ્થળ :** સદર કરારનો અમલ પ્રમોટર / આયોજકની ઓફીસમાં, અથવા અન્ય સ્થળ, જે પ્રમોટર / આયોજક અને એલોટી / લખી લેનારની પરસ્પર સહમતિથી નકકી થયેલ હોય, પ્રમોટર / આયોજકના અધિકૃત સહીકર્તા દ્વારા સહી કર્યા બાદ જ પૂર્ણ ગણાશે અને સદર કરારનો અમલ થયા બાદ તેની સબ-રજીસ્ટ્રારની કચેરીમાં નોંધણી કરાવવાની રહેશે. આમ, સદર કરારનો અમલ **વડોદરા** ખાતે થયો હોવાનું ગણાશે.

૨૬. એલોટી/લખી લેનાર અને/અથવા પ્રમોટર/આયોજક સદર કરાર તેમજ તબદીલી ખત /લીઝ કરાર (હોય તો) યોગ્ય નોંધણી કચેરીમાં રજીસ્ટ્રેશન એકટ મુજબ સૂચિત સમય મર્યાદામાં રજૂ કરશે અને પ્રમોટર/આયોજક સદર ઓફીસે હાજર થઈ જરૂરી સહીઓ કરી આપશે.

૨૭. સદર કરારની રૂએ એલોટી/લખી લેનાર કે પ્રમોટર/આયોજકને આપવામાં આવતી તમામ નોટીસો તેમના નીચે જણાવેલ સરનામે રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલવામાં આવેલ હોય અથવા

Sparsh Villa

તેમના સૂચિત ઈ-મેઈલ આઈ.ડી. પર મોકલવામાં આવેલ હોય કે પોસ્ટીગના સર્ટીફિકેટ સાથે મોકલવામાં આવેલ હોય તે તેમને પહોંચેલી હોવાનું માનવામાં આવશે:

**એલોટી / લખી લેનારનું નામ :**

નામ :
સરનામું :

**પ્રમોટર / ડેવલોપર :**

**SHREE GANESH INFRA,** [PAN : AEEFS 7716 M] નામની ભાગીદારી પેઢી
પેઢીનું સરનામું : ૧૫/એ, સહજાનંદ કુટીર, અક્ષર ચોક પાસે, અટલાદરા રોડ, વડોદરા.

જો ઉપરોકત સરનામા કે ઈ-મેઈલ આઈડીમાં કોઈપણ પ્રકારનો બદલાવ થાય તે સંજોગોમાં એલોટી/પ્રમોટરે એકબીજાને રજીસ્ટર્ડ પોસ્ટથી લેખિત જાણ કરવાની રહેશે અને જો તેમ ન કરવામાં આવે તો તમામ પત્ર-વ્યવહાર × એલોટી / પ્રમોટર (જે લાગુ પડતુ હોય) તેમને મળેલ હોવાનું માનવામાં આવશે.

૨૮. **સંયુકત એલોટી /ઓ :** સયુંકત એલોટી (એક કરતાં વધુ) ના કિસ્સામાં, પ્રમોટર દ્વારા જેનું નામ પ્રથમ દર્શાવેલ હોય તે એલોટીના સરનામે / ઈ-મેઈલ આઈડી પર તમામ પત્ર-વ્યવહાર કરવામાં આવશે અને તે તમામ સંયુકત એલોટીઓને પ્રાપ્ત થયેલ હોવાનું માનવામાં આવશે.

૨૯. **સ્ટેમ્પ ડયુટી અને નોંધણી :** સદર કરારના રજીસ્ટ્રેશનની સ્ટેમ્પ ડયુટીનો ખર્ચ એલોટીએ ભોગવવાનો રહેશે.

૩૦. **વિવાદનું નિરાકરણ :** કોઈ પણ વિવાદનો નિકાલ સમાધાનથી લાવવાનો રહેશે. જો સમાધાનથી ઉકેલ ન આવે તેમ હોય તો, રીઅલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ ના નિયમો અને શરતોની જોગવાઈઓને આધીન નિમવામાં આવેલ લવાદ દ્વારા નિકાલ કરવામાં આવશે.

૩૧. **સંચાલક કાયદો :** સદર કરારની રૂએ ઉદ્ભવેલ પક્ષકારોના અધિકાર અને ફરજોનું અર્થઘટન અને અમલ ભારત સરકારના જે-તે વખતના લાગૂ કાયદા-કાનૂન અનુસાર કરવાનું રહેશે અને ન્યાયક્ષેત્ર તા. જી. વડોદરા ની નામદાર કોર્ટનું રહેશે.

ઉપરોકત કરાર પક્ષકારોએ વાંચી-વંચાવી, સમજી-વિચારી, બિનકેફ હાલતમાં સાક્ષીઓ રૂબરૂ કરેલ છે.

**પરિશિષ્ટ : એ**

Sparsh Villa

<u>**બાનાખત કરાર / વેચાણ કરાર વાળી મિલકતનું વર્ણન**</u>

**ગુજરાત રાજ્ય** ના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ **વડોદરા,** રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ **પાદરા** ના મોજે ગામ **સાંગમા** ની સીમના **બ્લોક નંબર : ૯૬, ૯૭, રેવન્યુ સર્વે નંબર : ૧૧૨, ૧૧૩ વાળી કુલ ક્ષેત્રફળ : ૧૫૯૪૧-૦૦ ચો. મીટર પૈકી પ્લોટવેલીટિશન મુજબે ફાળવેલ ક્ષેત્રફળ : ૯૫૬૪-૬૦ ચો. મીટર પૈકી મંજુર થયેલ નકશા મુજબનું ક્ષેત્રફળ : ૭૬૧૮-૬૦ ચો. મીટર** વાળી જમીનમાં આયોજીત **"SPARSH VILLA"** નામની યોજનાનું આયોજન કરેલ છે. તે પૈકી નીચે દર્શાવેલ મિલકત અંગે <u>**બાનાખત કરાર**</u> લખી આપવામાં આવેલ છે.

| વિલા નંબર | ટાઈપ | પ્લોટનું ક્ષેત્રફળ (ચો.મી.) | વરાડે પડતી વણવહેચાયેલ કોમન પ્લોટ તથા રોડનું ક્ષેત્રફળ (ચો.મી.) | કુલ ક્ષેત્રફળ (ચો.મી.) | બાંધકામનું બીલ્ટઅપનું ક્ષેત્રફળ (ચો.મી.) | બાંધકામનું કારપેટનું ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

**જેની <u>ચતુ : સીમા</u> નીચે મુજબ છે.**

પૂર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

<u>**પરિશિષ્ટ : બી**</u>

**"૫૪ – વિલા"**

<u>**એનેક્ષીચર : (એ)**</u>
**(મંજુર થયેલ નકશા તથા રજાચીઠ્ઠી મુજબ)**

<u>**એનેક્ષીચર : (બી)**</u>
**રીયલ એસ્ટેટ નિયંત્રક પ્રાધિકરણ**
**RERA Certificate No. ............................,**
**Date : ........................**

<u>**એનેક્ષીચર : (સી)**</u>
(યોજનાની સ્પેશીફીકેશન અને સુવિધાઓ)

<u>**SPECIFICATION :**</u>

- **Construction :**
- **Electrification :**

Sparsh Villa

- **Windows :**
- **Flooring :**
- **Plumbing :**
- **Finishing :**
- **Door :**

**<u>Amenities</u> :**

-
-
-

ઉપરોકત એલોટી / લખી લેનાર તરફથી ઉપરોકત ઉલ્લેખિત રકમ / ટોકન રકમ મળી ગયાની બાંહેધરી અમો / લખી આપનાર / પ્રમોટર / એલોટીને મળી ગયેલ છે.

સાક્ષીઓની સાક્ષી તરીકે હાજરી આપનારા પક્ષકારો / સાક્ષીઓની હાજરીમાં **વડોદરા** માં વેચાણ આપવાના ઈરાદા સહ સદરહું બાનાખત કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

**<u>લખી આપનાર / જમીન માલિક / પ્રમોટર / પહેલા પક્ષવાળા :</u>**

**SHREE GANESH INFRA,** નામની ભાગીદારી પેઢીના
વતી વહીવટકર્તા ભાગીદાર -

-------------------------
**દેવેન્દ્રકુમાર રામદયાલ ગુપ્તા**

સાક્ષી :

.......................

.......................

Sparsh Villa